Teacher by:- Namita Bhatt

=>Banking:-12

- **Unit=1**

  - બેંકિંગ રેગ્યુલેશન એક્ટ **-1949**

=> એક્ટના હેતુઓ
=> બેકિંગ વ્યવસાય
=> બેંક અને તેના શબ્દો
=> કેપિટલ (મૂડી),ડિવિડન્ડ રિઝર્વ હેઠળની વિવિધ શરતો
=> ફંડ,લોન(ધિરાણ) અને એડવાન્સિઝ,લાયસિંન્સ અને વાઈનિડગ અય
=> બબેકિંગ વ્યવસાય ના નિયમો-નિર્દશો જાહેર કરવાની
સતા,સ્વિકૃતી,થાપણો,નામાંકન અને લોન અને એડવાન્સ
=> એક્ટ મેનેજમેન્ટ અને રિસૉસિઝ

=>બેંકિંગ નિયમન ધારો**,1949**

- [૧] પ્રાસ્તાવિક
- [૨] ૧૯૪૯ના બેંકિંગ નિયમન ધારાની મુખ્ય કલમો:
  - (૧) કાયદાનું કાર્યક્ષત્રે
  - (૨) બેંકિંગ ની વ્યાખ્યા
  - (૩) પરવાના મેળવવા બાબત
  - (૪) નવી શાખાઓ ખોલવા પલ નિયંત્રણ
  - (૫) શેરમૂડી અંગેની જોગવાઈઓ
  - (૬) અનામત ભંડોળ અંગે
  - (૭) ડિવિડન્ડ અંગે
  - (૮) નોન-શિડયુલ બેંકોએ રાખવાની રોકડ અનામતનું પ્રમાણ
  - (૯) તરલ અસ્કયામતનું પ્રમાણ
  - (૧૦) ભારતમાં રાખવાની અસ્કયામતો
  - (૧૧) બેંકોએ મોકલવાના પત્રકો
  - (૧૨) વાર્ષિક હિસાબો અનને પાકું સરવૈયું
  - (૧૩) ઓડિટ અંગેની જોગવાઈ
  - (૧૪) બેંકોની તપાસ હાથ ધરવાની રિઝર્વ બેંકની સતા
  - (૧૫) આદેશ આપવાનો રિઝર્વ બેન્કનો અધિકાર
  - (૧૬) લોન ધિરાણ પર અંકુશ મૂકવાની રિઝર્વ બેંકની સતા
  - (૧૮) નિમણૂંક અંગેના પ્રતિબંધો અને નિયંત્રણો
  - (૧૯) બેંકિંગ કંપનીઓના સંચાલન અંગે
  - (૨૦) બેંકોના ટોચના સંચાલકો પર રિઝર્વ બેંકનો અંકુશ
  - (૨૧) બેંક કર્મચારીઓની અમુક પ્રવૃતિઓ પર પ્રતિબંધ અંગે
  - (૨૨) બેકિંગ કંપનીઓ પ્રાપ્ત કરી લેવા અંગેની કેન્દ્ર સરકારની સતાઓ.

[૧] પ્રાસ્તાવિક:-

બેંકો જાહેર જનતાના નાણાં થાપણ તરીકે સ્વીકારી જરૂરિયાતવાળાને તેનું ધિરાણ કરી તેમાંથી નફો મેળવે છે. બેંકમાં મૂકેલી થાપણ પર થાપણદારોનો કોઈ અંકુશ હોતો નથી. આથી બેંકોનો વહીવટ યોગ્ય રીતે ચાલે અને થાપણદારોના નાણાં ડૂબી નહીં જાય તે માટે વહીવટ પર કાયદા ધ્વારા કોઈ અંકુશ હોવો જરૂરી છે.

[1] બ્રિટીશ શાસન દરમિયાન ભારતની બેંકિંગ કંપનીઓની પ્રવૃત્તિઓનું નિયમન ૧૯૧૩ના કંપની ધારા મુજબ કરવામાં આવતું હતું. વેપારી બેંકોના નિયમન માટે કેટલીક વધારાની કલમ આ ધારામાં આમેજ કરવામાં આવી હતી. પરંતુ આ વધારાની કલમો નતો વેપારી બેંકોને સહાયભૂત નીવડે એમ હતી અને ન તો તેમને ફડચામાં જતી બચાવી શકે એમ હતી. આથી બેંકિંગ ઉધોગ પૂરતા પ્રમાણમાં વિકાસ સાધી શક્યો નહિ.

૧૯૩૧ માં મધ્યસ્થ બૅંકિંગ તપાસ સમિતિ (Central Banking Inquiry Committee)એ બેંકોના નિયમન માટે એક અલગ ધારો ઘડવાનું સૂચન કરી તે અંગે કેટલીક ભલામણો પણ કરી હતી. પરંતુ આ ભલામણોનો સ્વીકાર કરવાને બદલે સરકારે ૧૯૩૬માં કંપની ધારામાં થોડા સુધારા કરીને બેંકિંગ કંપનીઓના નિયમન માટે કેટલીક વધારાની કલમો ઉમેરીને સંતોષ માન્યો.

૧૯૩૮માં દક્ષિણ ભારતની ત્રાવણકોર એન્ડ કીલોન બેંક ફડચામાં ગઇ અને તેની સાથે બીજી કેટલીંક બેંકો પણ કાચી પડી. આથી બેંકો પરના નિયમન માટે રિઝર્વ બેંકે નવેમ્બર, ૧૯૩૯માં એક ડ્રાફટ બેંકિંગ બિલ ઘડીને સરકારને સુપરત કર્યું. પરંતુ તે વખતે બીજું વિશ્વયુદ્ધ ચાલુ હોવાને કારણે નવો કાયદો ઘડવાને બદલે સરકારે ૧૯૪૨માં જૂના કાયદામાં જ કેટલાક સુધારા કર્યા. રિઝર્વ બેંકે તૈયાર કરેલા ડ્રાફટ બૈંકિંગ બીલમાં કેટલાક સુધારા કરીને ૧૯૪૪માં ફરીથી સરકાર સમક્ષ તે રજૂ કરવામાં આવ્યું. આ ખડો પ્રવર સમિતિ (સિલેક્ટ કમિટિ)ને સોંપવામાં આવ્યો પરંતુ એ સમિતિની બેઠક મળે એ પહેલાં જ ધારાસભા વિખેરાઇ ગઇ અને ૧૯૪૫માં એ ખરડો મુદત બહારનો ઠર્યો.

માર્ચ, ૧૯૪૬માં સરકારે નવો ખરડો ઘડીને ધારાસભામાં રજૂ કર્યો જે ફરી પ્રવર સમિતિને સોંપવામાં આવ્યો. આ સમિતિએ મૂળ ખરડામાં કેટલીક જોગવાઇઓ ઉમેરી હોવાથી તેમાં ઘણા ફેરફારો આવશ્યક બન્યા. આથી સરકારે જુનો ખરડો પાછો ખેંચી લઇ માર્ચ ૧૯૪૮માં નવો ખરડો રજૂ કર્યો. આ ખરડો ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૪૯ના રોજ પસાર થયો અને તેણે કાયદાનું સ્વરૂપ લીધું અને તે ૧૯૪૯ના બેંકિંગ કંપની ધારા તરીકે ઓળખાયો.

૧૯૪૯ના મૂળ ધારાની ઊણપો દૂર કરવા માટે તેમ જ બદલાતી જતી પરિસ્થિતિ સાથે ધારાની જોગવાઇઓને સુસંગત બનાવવા માટે આ ધારામાં વખતોવખત અનેક સુધારા કરવામાં આવ્યા છે.૧૯૬૫ના એક મહત્ત્વના સુધારા અન્વયે તા**. ૧-૩-**૧૯૬૬થી આ ધારાને બેંકિંગ કંપની ધારાને બદલે બેંકિંગ નિયમન ધારા **(Barning Regulatlorn Act)** તરીકે ઓળખવામાં આવ્યો અને સહકારી બેંકોને પણ તે લાગુ પાડવામાં આવ્યો**.** આ કાયદાની જોગવાઇઓ કંપનીધારાની જોગવાઇઓને બદલે નથી પરંતુ કંપનીધારાની જોગવાઇઓ ઉપરાંતની વધારાની જોગવાઇઓ છે. તેવી જ રીતે લૈંકિંગ કંપનીઓને અસર કર્તા બીજા ધારાઓ જેવા કે શાખી વિનિમયપત્ર ધારો - (Negotiable Instruınents Act) પણ અસ્તિત્વમાં રહેજ છે. આ કાયદો મુખ્યત્વે નિયમન કરતો ધારો છે અને એનો ઉદ્દેશ બેંકિંગ કંપનીઓ અને કોર્પોરેશનના કાર્યનું નિયમન કરવાનો છે. એ જ રીતે ૧૯૬૮ના સુધારા દ્વારા બેંકો પર સામાજિક અંકુશની યોજના દાખલ કરવામાં આવી હતી.

૧૯૬૮માં બેંકિંગ નિયમન ધારામાં કરવામાં આવેલા કેટલાંક મહત્ત્વના સુધારા **:**

સામાજિક અંકુશની યોજના **:** ૧૯૬૮માં બેંકિંગ નિયમન ધારામાં કેટલાક મહત્ત્વના સુધારા કરવામાં આવ્યા હતા.આ પૈકીનો એક સુધારો સામાજિક અંકુશની યોજનાને લગતો હતો. આ સુધારાથી બેંકોના માળખા અને સંચાલનમાં મહત્ત્વના ફેરફાર કરવામાં આવ્યા હતા. આ સુધારેલા ધારાનો અમલ ફેબ્રુઆરી, ૧૯૬૯થી થયો હતો. રૂ. ૨૫ કરોડ કરતાં વધુ રકમની થાપણ ધરાવતી બેંકિંગ કંપનીઓ પર આ અંકુશ લાદવામાં આવ્યા હતી.

આ સુધારેલા ધારા અનુસાર બેંકો માટે જે સામાજિક અંકુશની યોજના દાખલ કરવામાં આવી હતી તેની મુખ્ય જોગવાઇઓ નીચે પ્રમાણે હતી :

(૧) બોર્ડ ઓફ ડિરેકટર્સની પુનઃરચના : બેંકિંગ વ્યવસાય સાથે સંબંધિત વ્યક્તિ જેને વિશિષ્ટ જાણકારી હોય અને વ્યવહારુ અનુભવ હોય તેવા ડિરેકટરો બહુમતિમાં આવે.

(૨) પૂરા સમયના ચેરમેનની નિમણૂક કરવી જે નાણાંકીય, અર્થશાસ્ત્રીય અને ધંધાકીય વિશિષ્ટ જ્ઞાન ધરાવતો હોય.

(૩) બેંકના ડિરેકટરોને આપવામાં આવતા લોન અને ધિરાણ પર નિયંત્રણો

(૪) બેંકિંગ કંપનીઓ પર દેખરેખ અને નિયંત્રણ માટે રિઝર્વ બેંકને વિશાળ સત્તા.

(૫)બેંક કર્મચારીઓની અમુક પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ અંગે

(૬)ગેરરીતિ આચરતી બેંકિંગ કંપનીઓ પ્રાપા કરી લઇ લેવા અંગેની રિઝર્વ બેંકની સત્તા,

આ બધા મુદ્દાઓની ચર્ચા આપણે જુદા જુદા મથાળા હેઠળ આગળ વિગતે કરીશું.

સામાજીક અંકુશની યોજના દાખલ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ સામાન્ય પ્રજાને બેંકિંગ પ્રથાનો લાભ મળે છે. તો બાજુની બેંકોનો ઉદ્દેશ મહત્તમ નફો કરવાનો હતો. મોટા ભાગનું ધિરાણ વિકસિત પ્રદેશોમાં જ કરવામાં આવતું હતું, આથી દ વિકાસની અસમતુલા પણ ઉભી થઈ હતી. શાખા વિસારણમાં પણ પ્રાદેશિક અસમાનતા હતી. મોટા ભાગનાં શેખ ખોલેલ વિસ્તારમાંજ ખોલવામાં આવતી હતી. બેંકોની સેવાનો લાભ મોટા ઉધોગપતિઓને જ મળતો હતો જેનો ઉપયોગ તેની સ અને સટ્ટાકીય પ્રવૃત્તિ માટે જ કરતા હતા. નાના વેપારી કે ઉધોગપતિઓને બેંકોની સેવાનો લાભ મળતો ન હતો. આ પાન દૂર કરવા માટે સામાજિક અંકુશની યોજના દાખલ કરવામાં આવી હતી.

બેંકો પરની સામાજિક અફશની યોજનાનો અમલ માટે છ મહિના રહ્યો ત્યાં તો ૧૯મી જુલાઇ, ૧૯૯૯ના રોજ ધી ગોલ કંપનીઝ એક્વીઝીશન ઍન્ડ ટ્રાન્સફર ઑફ અંડરટેકીંગ ધારો અમલમાં આવ્યો. સરકાર દ્વારા ૧૪ મોટી બેંકોનું દિ કરવામાં આવ્યું. જૂન ૧૯૬૯ના છેલ્લાં શક્રવારે જે બેંકોની ડિપોઝીટ રૂ. ૫૦ કરોડ થી ઓછી ન હતી એવી ૧૪ બેંકોનું પ્રકર કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીયકૃત કરાયેલી બેંકો નીચે પ્રમાણે છે :

(૧) ધી સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા લિ.

(૨) ધી બેંક ઓફ ઇન્ડિયા લિ.

(૩) ધી પંજાબ નેશનલ બેંક લિ.

(૪) ધી બેંક ઓફ બરોડા લિ.

(૫) ધી યુનાઇટેડ કોમર્શિયલ બેંક લિ

(૬) ધી કેનેરા બેંક લિ.

(૭) ધી યુનાઇટેડ બેંક ઓફ ઇન્ડિયા લિ.

(૮) ધી દેના બેંક લિ.

(૯) ધી સિન્ડિકેટ બેંક લિ

(૧૦) ધી યુનિયન બેંક ઓફ ઇન્ડિયા લિ

(૧૧) ધી અલ્હાબાદ બેંક લિ.

(૧૨) ધી ઇન્ડિયન બેંક લિ.

(૧૩) ધી બેંક ઓફ મહારાષ્ટ્ર લિ.

(૧૪) ધી ઇન્ડિયન ઓવરસીઝ બેંક લિ.

૧૫મી એપ્રિલ, ૧૯૮૦ના રોજ રાષ્ટ્રપતિએ બેંકિંગ કંપનીઝ **(**એકિવઝીશન એન્ડ ટ્રાન્સફર ઓફ અંડર ટેકિંગ્સ**)** ઓર્ડિનન્સ ૧૯૮૦ના નામથી ઓળખાતો એક વટહુકમ બહાર પાડયો. તે અનુસાર બીજી ૬ મોટી બેંકો જે દરેકની ડિમાન્ડ અને ટાઇમ જવાબદારી તા. ૧૪મી માર્ચ, ૧૯૮૦ના રોજ રૂ.૨૦૦ કરોડ થી વધારે થતી હતી અને કુલ રૂ.૨,૩૫૬ કરોડથી પણ વધુ થતી હતી તેનું રાષ્ટ્રીયકરણ કર્યું.

(૧) ધી આંધ્ર બેંક લિ.
(૨) ધી કોર્પોરેશન બેંક લિ.
(૩) ધી ન્યૂ બેંક ઓફ ઇન્ડિયા લિ.
(૪) ધી ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સ લિ.
(૫) ધી પંજાબ એન્ડ સિંધ બેંક લિ.
(૬) ધી વિજયા બેંક લિ.

[૨] ૧૯૪૯ ના બેકિંગ નિયમન ધારાના હેતુઓ**:-**

ભારતના બેંકિંગ ઇતિહાસમાં ૧૯૪૯ના બૈંકિંગ નિયમન ધારાને એક સીમાચિન્હ તરીકે લેખવામાં આવે છે. બેંકિંગ ઉધોગન નિયમન માટે સૌ પ્રથમ વાર એક અલગ અને સર્વગ્રાહી કાયદો પસાર કરવામાં આવ્યો હતો.

આ કાયદાના મુખ્ય બે હેતુઓ રહ્યા છે :-

(૧) દેશના બેંકિંગ ઉધોગને સુદૃઢ અને સંગીન પાયા પર મૂકવો.
(૨) રિઝર્વ બેંકને બેંકિંગ અને શાખનિયમન માટે જરૂરી સત્તા આપવી.

જોગવાઇઓ**:-** આ કાયદાની મુખ્ય જોગવાઇ ટૂંકમાં નીચે પ્રમાણે ગણાવી શકાય.

(૧) નામ અંગે જોગવાઇ : બેંક અથવા બેંકર બેંકિંગ અથવા બેંકિંગ કંપની જેવા શબ્દોનો સમાવેશ પોતાના નામમાં કરવો જોઇએ.

(૨) થાપણો સ્વીકારવાની અને ધિરાણ કરવાની રોજીંદી પ્રવૃત્તિ ઉપરાંત બેંકો કઇ પ્રવૃત્તિ કરી શકે અને કઇ પ્રવૃત્તિ નહીં કરી શકે તેની જોગવાઇ કાયદામાં છે.

(૩) બૅટિંગ કંપનીની મૂડી અંગે વિગતવાર જોગવાઇ કરવામાં આવી છે.

(૪) બંકિંગ કંપનીના શેર ધરાવનાર કોઇનો પણ મતાધિકાર ૧૦ ટકાથી વધવો જોઇએ નહિં.

(૫) એક બૅન્કિંગ કંપનીના ડિરેકટરને બીજી બેંકિંગ કંપનીના ડિરેકટર તરીકે નીમી શકાય નહિ.

(૧) કાયદાનું કાર્યક્ષેત્ર**:-**

૧૯૪૯નો બંન્કિંગ કંપની પારો ૧૬મી માર્ચ, ૧૯૪૯ના રોજથી અમલી બન્યો છે. ૧૯૬૫માં કરવામાં આવેલા સુધારા અનુસાર આ કાયદો બૅન્કિંગ કંપની ધારાને બદલે બેંકિંગ નિયમન ધારા તરીકે ઓળખાય છે અને તે સહકારી બેંકો સહિત દેશની માં જ બેંકોને લાગુ પડે છે. જુલાઇ, ૧૯૬૯માં દેશની ૧૪મોટી બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું. અને તે માટે ૧૯૭૦નો બેંકિંગ કંપની **(**એકિવઝીશન એન્ડ ટ્રાન્સફર ઓફ અન્ડર ટેકિંગ્સ**)** ધારો પસાર કરવામાં આવ્યો હતો. ૧૯૭૦ના ધારાની ગવાઈઓ આ ૧૪ રાષ્ટ્રીયકૃત બેંકોને લાગુ પડતી હોવાથી ૧૯૪૯ના બેંકિંગ નિયમન ધારાની જોગવાઇઓ રાષ્ટ્રીયકૃત બેંકોને પડતી નથી. આમ છતાં બેંકિંગ નિયમન ધારાની કેટલીક મહત્ત્વની કલમો રાષ્ટ્રીયકૃત બેંકોને પણ લાગુ પડે છે.

આમ આ કાયદો આજે રાષ્ટ્રીયકૃત બેંકો, બિનરાષ્ટ્રીયકૃત બેંકો તથા સહકારી બેંકોને લાગુ પડે છે.

૧૯૪૯નો બૅકિંગ નિયનમ ધારો નીચેના પાંચ વિભાગમાં વહેંચવામાં આવ્યો છે.

વિભાગ – ૧ – પ્રાસ્તાવિક (Preliminary) - કલમ ૧ થી ૫ (એ)

વિભાગ - ૨ - બેંકિંગ કંપનીનો ધંધો – (Business of Banking Companics) કલમ ૬ થી ૩૬ (અ)

વિભાગ - ૨(એ) – વહીવટ પર અંકુશ (Control over the Management) કલમ ૩૬ (અમ) થી ૩૬ (સી)

વિભાગ – ૨(બી) – બેંકિંગ કંપનીઓની અમુક પ્રવૃત્તિ પર મનાઇ (Prohibition of certain activities in relation to Banking Compsnies) (કલમ ૩૬ એડી)

વિભાગ - ૨ (સી) - અમુક કિસ્સાઓમાં બેંકિંગ કંપનીઓ લઇ લેવી (Acquisition of the undertakings of Banking Companies in certain cases (કલમ ૩૬ એસી થી એજે)

વિભાગ - ૩ - બેંકિંગ કંપનીઓનો ધંધો અટકાવી દેવો અને બેંકિંગ કંપની સમેટી લેવી (Suspension of Business d winding up of Banking Companies (કલમ ૩૬ થી ૪૫)

વિભાગ - ૩ (અ) સમેટી લેવાના પ્રક્રિયા ઝડપી બનાવવા માટેની ખાસ જોગવાઇઓ (Special provisions for Speedy disposal of winding up proceedings કલમ ૪૫ (એ) થી ૪૫ (એક્સ)

વિભાગ - ૪ - પ્રકીર્ણ (Miscellaneous) - કલમ ૪૬ થી ૫૫ (એ)

વિભાગ - ૫ - સહકારી બેંકોને આ કાયદો લાગુ પાડવો.

(૨) બેકિંગની વ્યાખ્યા **:**

(અ) કાયદામાં બેંકિગ કંપની અને બેંકિંગ એ બન્નેની સ્પષ્ટ અને સુરેખ વ્યાખ્યા આપવામાં આવી છે. કલમ ૫(સી) માં બેંકિંગ

કંપનીની વ્યાખ્યા આપવામાં આવી છે “બેકિંગ કંપની એટલે એવી કંપની જે ભારતમાં બેંકિંગનો ધંધો કરતી હોય" કલમ ૫ (બી) માં બેંકિગ ની વ્યાખ્યા આ રીતે આપવામાં આવી છે. “બેકિંગ એટલે નાણાં ધીરવા માટે કે રોકાણના હેતુ માટે પ્રજા પાસેથી થાપણ પર નાણાં સ્વીકારવા અને માગણી થતાં તરત જ કે બીજી રીતે નાણાં પરત કરવા અને જે ચેક, ડ્રાફ્ટ, આદેશ કે અન્ય રીતે ઉપાડી શકાય".

ઉપરની વ્યાખ્યા પરથી ટ્રૅકિંગના નીચેના લક્ષણો સ્પષ્ટ થશે:

(૧) બેંકિંગ કંપનીએ થાપણો સ્વીકારવાનું તથા તેનું ધિરાણ કે રોકાણ કરવાનું એમ બન્ને પ્રકારના કાર્યો કરવા જોઇએ. જે થાપણ સ્વીકારવાનો હેતુ તેનું ધિરાણ કે રોકાણ કરવાનો ન હોય તો તેને બેંકિંગનો ધંધો કહેવાશે નિહ. દાખલા તરીકે, ઉત્પાદન કે વેપાર કરતી કંપની પોતાના ધંધા માટે પ્રજા પાસેથી થાપણો સ્વીકારે છે પરંતુ તેનું ધિરાણ કે રોકાણ કરતી ન હોવાથી તેનો ધંધો બેંકિંગનો ગણાતો નથી.

(૨) બેંક પ્રજા પાસેથી સ્વીકારેલી થાપણો નાણાંની જ હોવી જોઇએ.પ્રજા શબ્દપ્રયોગ એમ સૂચવે છે કે જે કોઇ વ્યક્તિ બેંકમાં થાપણ મૂકવા ઇચ્છે તેની પાસેથી બેંકે તે સ્વીકારવી જોઇએ.

(૩) થાપણ મૂકનાર જ્યારે પણ માગણી કરે ત્યારે બેંકે તેની થાપણ ચુકવી આપવી જોઇએ અથવા તો થાપણદાર અને બૅક વચ્ચે થયેલા કરાર મુજબ તે પરત કરવી જોઇએ. બેંકિંગના ધંધામાં બેંકો સામે ચાલીને થાપણો કદી પરત કરતી નથી, પછી ભલ તેની મુદત પુરી થઇ ગઇ હોય. તે માટે તો થાપણદારે જ માગણી કરવી પડે. થાપણો ઉપાડવા માટે ચેક, ડ્રાફ્ટ કે અન્ય કઈ સાધનનો ઉપયોગ કરવો જોઇએ. આનો અર્થ એમ થાય કે અમુક ચોક્કસ રીતે અને લેખિત સ્વરૂપમાં માગણી કરવામાં આવે તો જ બેંકમાંથી થાપણ ઉપાડી શકાય. મૌખિક રીતે કે ટેલિફોનના સંદેશા દ્વારા બેંકમાંથી થાપણ પરત મેળવી શકાય નહિ.

સર જહોન પેજેટ આ સંદર્ભમાં યોગ્ય રીતે જ જણાવે છે કે જે વ્યક્તિ કે સંસ્થા ચાલુ ખાત થાપણ સ્વીકારતી નહી હોય, ચેક ઇસ્યુ કરતી નહી હોય કે તેની ચૂકવણી કરતી નહીં હોય અને પોતાના ગ્રાહકો માટે ક્રોસ કરેલા કે ક્રોસ કર્યા વિનાના ચેકના નાણાં વસૂલ કરતી નહીં હોય તેને બેંકર કહી શકાય નહિ.

(બ) બેંક શબ્દનો ઉપયોગ **:**

કાયદાની કલમ-૭માં એવી જોગવાઇ કરવામાં આવી છે કે જે કંપની ભારતમાં બેંકિંગનો ધંધો કરતી હોય તેણે પોતાની નામની સાથે ‘બેંક', ‘બૅંકર' અથવા ‘બેંકિંગ શબ્દનો ઉપયોગ કરવાનો રહેશે.

બીજી કોઈપણ કંપની, પેઢી, વ્યક્તિ કે વ્યક્તિઓનું જૂથ આવા કોઇપણ શબ્દનો ઉપયોગ પોતાના નામના ભાગ તરીકે કરી શકશે નહીં.

(ક) બેંકિંગ કંપની ક્યા પ્રકારનો ધંધો કરી શકે**? :૦ (Booking Busines)**

બેંકિંગ કંપની જે પ્રકારનો ધંધો કરી શકે તેની વિગત બેંકિંગ નિયમન ધારાની કલમ-૬ માં આપવામાં આવી છે. તદ્અનુસા બેંકિંગ કંપની (૧) સામાન્ય રીતે બેંકિંગ પ્રવૃત્તિ ગણી શકાય એવા કાર્યો અને (૨) તે ઉપરાંત બીજા પણ કેટલાંક કાર્યો કરી શકે.

(૧) સામાન્ય રીતે બેકિંગ પ્રવૃત્તિ ગણી શકાય એવા કાર્યોમાં નીચેના કાર્યોનો સમાવેશ થાય છે**:**

(૧) નાણાં ઉછીના લેવાં, ઊભાં કરવાં કે સ્વીકારવાં.

(૨) જામીનગીરી સહિત કે તે વિના નાણાં ઉછીનાં આપવાં કે તેનું ધિરાણ કરવું

(૩) વિનિમય પત્રો, વચનચિઠ્ઠીઓ, કૂપનો, ડ્રાફટ, બિલ ઓફ લેંડિંગ, રેલવે રસીદો, વોરંટ, ડિબેન્ચર, સર્ટિફિકેટ, જામીનગીર અને અન્ય દસ્તાવેજો લખવા, બનાવવા, સ્વીકારવા, વટાવવા, ખરીદવા, વેચવા કે વસૂલ કરવા અથવા તેનો ધંધો કરી

(૪) શાખપત્રો, ટ્રાવેલર્સ ચેક અને સરક્યુલર નોટો આપવી કે બહાર પાડવી.

(૫) સોના-ચાંદી જેવી કીંમતી ધાતુઓ ખરીદવી, વેચવી કે તેનો વેપાર કરવો.

(૭) સ્ટોક ,શેર,ડિબેન્ચર, બોન્ડ. જામીનગીરી અને દરેક પ્રકારનાં રોકાણો પ્રાપ્ત કરવાં ધારણ કરવા કિંમાનથી બનાવો કે અંડરરાઇટ કરવા તથા તેનો વેપાર કરવો.

(૮) પોતાના ગ્રાહકો કે અન્ય વાતી બોન્ડ તથા અન્ય પ્રકારની જામીનગીરીઓની ખરીદી કે વેચાણ કરવું

(૯) લોન અને પિરાણ અંગેની વાટાઘાટો કરવી.

(૧૦) દરેક પ્રકારના બોન્ડ, સ્ક્રીપ કે અન્ય કીંમતી ચીજવસ્તુઓ ડિપોઝિટ તરીકે અથવા સેઇક કસ્ટડી માટે સ્વીકારવી

(૧૧) સેઇફ ડિપોઝિટ વોલ્ટની વ્યવસ્થા કરવી.

(૧૨) નાણાં અને જામીનગીરીની વસુલાત કરવી અને હેરફેર કરવી.

(૨) આ ઉપરાંત બેકિંગ કંપની નીચેના કાર્યો પણ કરી શકે છે**:**

(૧) સરકાર વતી, સ્થાનિક સંસ્થા વતી કે અન્ય કોઇ વ્યક્તિ વતી તે એજન્ટ તરીકે કાર્ય કરી શકે છે. તદુપરાંત તે કોઇ પણ પ્રકારનો એજન્સીનો ધંધો કરી શકે છે તેમ જ ગ્રાહક વતી એટર્ની તરીકે પણ કામ કરી શકે છે.

પરંતુ તે કંપનીના મેનેજિંગ એજન્ટ, સેક્રેટરી કે ટ્રેઝરર તરીકે કામ કરી શકે નહિ.

(૨) તે ખાનગી કે જાહેર લોન માટે કરાર કરી શકે અને વાટાઘાટો કરી તે લોન બહાર પાડી શકે.

(૩)રાજ્ય સરકારની, મ્યુનિસિપાલિટીની કે અન્ય કોઇ પણ ખાનગી કે જાહેર લોન તો બહાર પાડી શકે, તેની ગેરંટી આપી શકે, તેને અંડરરાઇટ કરી શકે કે તેના ઇસ્યુ અને સંચાલનમાં ભાગ લઇ શકે.
એ જ રીતે તે કોઇ પણ કંપની, કોર્પોરેશન કે એસોસિયેશનના શેર, સ્ટોક કે ડિબેન્ચર બહાર પાડી શકે કે તેના સંચાલનમાં ભાગ લઇ શકે, વીમો લઇ શકે, ગેરંટી આપી શકે કે અંરરાઇટ કરી શકે. આવા કોઈ પણ ઇસ્યુ અંગે તે નાણાંનું ધિરાણ કરી શકે છે.

(૪) તે કોઇ પણ પ્રકારની ગેરંટી કે બાંહેધરી આપવાનો ધંધો કરી શકે.

(૫) પોતાના દાવા પેટે કે તેની અંશતઃ ચૂકવણી પેટે જે મિલકત તેના કબજામાં આવી હોય તેનો વહીવટ તે કરી શકે, તેને વેચી શકે અથવા તેનો નિકાલ કરી શકે.

(૬) કોઇ પણ ટ્રસ્ટ સ્વીકારી તેનો વહીવટ કરી શકે. એ જ રીતે કોઇ પણ એસ્ટેટ (મિલકત)ના એકિઝક્યુટર તરીકે, ટ્રસ્ટી તરીકે કે અન્ય રીતે તેનો વહીવટ કરી શકે.

(૮) તેના પોતાના હાલના કર્મચારીઓ અથવા ભૂતપૂર્વ કર્મચારીઓ, તેના આશ્રિતો અથવા સંબંધીના લાભાર્થે કોઇપણ એસોસિયેશન, સંસ્થા, ભંડોળ કે ટ્રસ્ટની સ્થાપના કરી શકે છે અથવા તેમની મદદ કરી શકે છે તેમ જ ધર્માદા કે પરોપકારના હેતુ માટે અથવા

પ્રદર્શનના હેતુ માટે અથવા કોઇ જાહેર, સામાન્ય કે ઉપયોગી હેતુ માટે નાણાં આપી શકે છે અથવા નાણાંની ગેરંટી આપી શકે છે.

(૯) કંપનીના હેતુ માટે જરૂરી અથવા સગવડ માટે તે કોઈ મકાન કે કારખાનું પ્રાપ્ત કરી શકે છે, બંધાવી શકે છે અથવા તેમાં ફેરફાર કરાવી શકે છે.

(૧૦) કંપનીની મિલકતો અને હક્કો કે તેના કોઇપણ ભાગનું તે વેચાણ કરી શકે, તેમાં સુધારો કરી શકે, તેનો વહિવટ અને વિકાસ કરી શકે, વિનિમય કરી શકે, પટે આપી શકે, ગીરો મુકી શકે કે અન્ય કોઇ રીતે તેનો નિકાલ કરી શકે છે.

(૧૧) તેણે આપેલ લૉન કે ધિરાણના તારણ તરીકે કે તેના ભાગ તરીકે મળેલ કોઇપણ મિલકત અથવા તે મિલકતમાંના હક્ક, ટાઇટલ કે હિત પ્રાપ્ત કરી શકે, ધારણ કરી શકે અને તેનો સામાન્ય રીતે વહિવટ કરી શકે.

(૧૨) તે કોઇ પણ વ્યક્તિ કે કંપનીનો સંપૂર્ણ કે અંશતઃધંધો પોતાને હસ્તક લઇ તે ચલાવી શકે છે. આ ધંધાનું સ્વરૂપ ઉપર કલમ (૬) માં જણાવ્યા પ્રમાણેનું હોવું જોઇએ.

(૧૩) કંપનીના ધંધાનો વિકાસ અને પ્રગતિ થાય એવી બધી જ આનુષંગિક કે સહાયક પ્રવૃત્તિઓ તે હાથ ધરી શકે છે.

(૧૪) એ જ રીતે કેન્દ્ર સરકારે નોટિફિકેશન દ્વારા બેંકિંગ કંપની માટે જાહેર કરેલ કાયદેસરના ધંધા પૈકી કોઇ પણ ધંધો તે કરી શકે છે.

બેંકિંગ કંપની ક્યા પ્રકારનો ધંધો કરી શકે નહિ**? :** બેંકિંગ કંપની જે પ્રકારનો ધંધો કરી શકે નહી તેની વિગત કલમ (૮) માં જણાવવામાં આવી છે. કોઇપણ બેંકિંગ કંપની પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે બીજાઓ માટે માલની ખરીદી**,** વેચાણ કે વિનિમય કરી શકે નહિ**.** અલબત્ત, તેને મળેલી જામીનગીરીનો નિકાલ કરવા માટે તથા વસૂલાત કે હેરફેર માટે તેને મળેલ વિનિમયપત્રોના અનુસંધાનમાં તે તેમ કરી શકે છે.

માલ એટલે દરેક પ્રકારની જંગમ મિલકત જેમાં દાપાનો મોકો સ્ટોક, મોર, નાણાં, સૌને ગાદી અને ઉર માં વાવમ બાબતનો સમાવેશ થતો નથી.

નોન**-**બેકિંગ મિલકતનો નિકાલ**:-** કોઇ પણ બેંકિંગ કંપની તેણે ગમે તે રીતે પ્રાપ્ત કરેલી સ્થાવર મિલક્ત ફકત પોતાના જ ઉપયોગ સિવાય ના અન્ય હેતુ માટે તેની પ્રાપ્તિથી સાત વર્ષથી વધુ મુદત માટે રાખી શકશે નહીં. જો રિઝર્વ બેંકને એમ લાગે કે આવી રીતે મિલકત રાખવાની મુદતમાં વધારો કરી આપવાનું બેંકના થાપણદારોના હિતમાં છે તો રિઝર્વ બેંક આ મુદતમાં પાંચ વર્ષ સુધીનો વધારો કરી આપી શકે છે. બેંકિંગ કંપનીએ આ સમયમર્યાદામાં આવી મિલકતનો નિકાલ કરી નાખવા જોઇએ.

(3) પરવાના મેળવવા બાબત [Licensing of Banking Companies} »

કાયદાની કલમ (૨૨)માં એવી જોગવાઈ કરવામાં આવી છે કે કોઈ પણ બેંકિંગ કંપની રિઝર્વ બેંક પાસેથી પરવાનો મેળવ્યા સિવાય ભારતમાં બૅંકિંગનો ધંધો કરી શકશે નહિ. આ કાયદાનો અમલ શરૂ થયાના સમયે અસ્તિત્વમાં હોય તેવી પ્રત્યેક બેંકિંગ કંપનીએ કાયદાના અમલની શરૂઆતની તારીખથી છ મહિનાની અંદર પરવાનો મેળવી લેવાનો હતો. નવી બેંકિંગ કંપનીએ તેનું કામકાજ શરૂ કરતાં પહેલા રિઝર્વ બેંક પાસેથી પરવાનો મેળવવાનું કજિયાત છે.

આ પ્રકારનો પરવાનો આપતાં પહેલાં રિઝર્વ બેંક તે બેંકિંગ કંપનીના ચોપડા, દસ્તાવેજો, તેની નાણાકીય સ્થિતિ વહીવટ વગેરે બાબતો અંગે તપાસ હાથ ધરે છે અને રિઝર્વ બેંકને સંતોષ થાય કે કંપની નીચેની શરતોનું પાલન કરી શકે અને છે તો જ તેને પરવાનો આપવામાં આવે છે.

(૧) તેના વર્તમાન કે ભાવિ થાપણદારોનાં નાણા જ્યારે ચૂકવણીપાત્ર બને ત્યારે તેની પૂરેપૂરી ચૂકવણી કરી આપવાની પરિસ્થિતિમાં બેંકિંગ કંપની છે અને રહેશે.

(૨) કંપનીનો વહીવટ તેના વર્તમાન કે ભવિષ્યના થાપણદારોના હિતને નુકસાન થાય એ રીતે ચાલતો નથી અને ભવિષ્યમાં એ રીતે ચાલવાની શક્યતા નથી.

જો કોઇ બેંકિંગ કંપની ભારતની બહાર નોંધાયેલી હોય તો તેને પરવાનો આપતાં પહેલા નીચેની બાબતો ધ્યાનમાં લેવાય છે:

(૧) કંપની ભારતમાં બેંકિંગનું કામકાજ કરે તો તે જાહેર હિતમાં છે કે કેમ.

(૨) તે કંપની જે દેશમાં નોંધાયેલી છે તે દેશની સરકાર કે ત્યાંના કાયદા કાનૂનોની જોગવાઇઓ ભારતમાં નોંધાયેલી બેંકિંગ કંપનીઓ સામે કોઇ પણ પ્રકારના ભેદભાવ રાખતી નથી.

(૩) ભારત બહાર નોંધાયેલી બેંકિંગ કંપનીઓને લાગુ પડતી આ કાયદાની તમામ જોગવાઇઓનું તે કંપનીએ પાલન કર્યુ છે.

=> પરવાનો રદ કરવો ઃ આ કાયદા હેઠળ રિઝર્વ બેંકને નીચેના સંજોગોમાં પરવાનો રદ કરવાની સત્તા પણ આપવામાં આવી છે

(૧) જો તે કંપની ભારતમાં બેંકિંગનો ધંધો કરતી બંધ થાય.

(૨) જો તે કંપની કોઈ પણ સમયે રિઝર્વ બેંકે મૂકેલી કોઇ પણ શરતનું પાલન કરતી બંધ થાય.

(૩) જો તે કંપની કોઇ પણ સમયે ઉપર જણાવેલ કોઇ શરતોનું પાલન કરવામાં કસૂર કરે.

ઉપર (૨) અને (૩)માં દર્શાવેલ કારણસર જ્યારે રિઝર્વ બેંક લાયસન્સ રદ કરવાનો નિર્ણય લે ત્યારે રિઝર્વ બેંક એને યોગ્ય લાગે તે શરતે એ બેંકિંગ કંપનીને શરતોનું પરિપાલન કરવા માટે તક આપે છે સિવાય કે રિઝર્વ બેંકને એમ લાગે કે પરવાનો રદ કરવામાં વિલંબ કરવાનું બેંકિંગ કંપનીના થાપણ મુકનારાઓના અથવા જાહેર પ્રજાના હિતમાં નથી.

પરવાનો રદ કરવાના રિઝવ બેંકના નિર્ણય સામે જે તે બેંકિંગ કંપની પોતાને આ અંગેની માહિતી મળ્યાના 30 દિવસની અંદર કેન્દ્ર સરકારને અપીલ કરી શકશે અને તેનો ચુકાદો આખરી ગણાશે.

કાયદાની કલમ-૨૩ની જોગવાઇ અનુસાર કોઇ પણ બેંકિગ કંપની રિઝર્વ બેંકની અગાઉથી લેખિત પરવાનગી મેળવ્યા સિવાય ભારતમાં નવી શાખા ખોલી શકે નહિ અથવા તેના કામકાજનું સ્થળ અન્ય કોઇ ગામ કે શહેરમાં ખસેડી શકે નિહ. કોઇ એક જ શહેરમાં સ્થળ બદલી માટે આવી પરવાનગીની જરૂર રહેતી નથી.

(૪) નવી શાખાઓ ખોલવા પર નિયંત્રણ**:-**

કાયદાની કલમ**-23** ની જોગવાઈ અનુસાર કોઈ પણ બેંકની કંપની રિઝર્વ બેંકની અગાઉ થી લેખિત પરવાનગી મેળવ્યા સિવાય ભારતમાં નવી શાખા ખોલી શકે નહિ. અથવા તેના કામકાજનું સ્થળ અન્ય કોઇ ગામ કે શહેરમાં ખસેડી શકે નહિ. કોઇ એક જ શહેરમાં સ્થાન બદલી માટે આવી પરવાનગીની જરૂર રહેતી નથી.

એ જ રીતે ભારતમાં નોંધાયેલી કોઇ પણ બેંકિંગ કંપની રિઝર્વ બેંકની અગાઉથી લેખિત પરવાનગી મેળવ્યા સિવાય ભારત બહાર તેની નવી શાખા ખોલી શકે નહિ.

પરંતુ કોઈક પ્રદર્શન, અધિવેશન કે મેળાના સ્થળે લોકોને બેંકિંગની સેવાઓ પૂરી પાડવા માટે, એક મહિનાથી વધુ સિંહ લા ૯૧ સમય માટે, જો કામચલાઉ ઓફિસ ખોલવામાં આવે તો તે માટે આવી પરવાનગી મેળવાની જરૂર નથી. પરંતુ આવી કામલોલું ઓફિસ, જે ગામ કે શહેરમાં બેંકિંગ કંપનીની ઓફિસ હોય તેવા જ ગામ કે શહેરમાં ખોલી શકાય.

આવી રીતે નવી શાખા ખોલવાની અથવા ઓફિસનું સ્થળ બદલવાની પરવાનગી આપતા પહેલા રિઝર્વ બૅંકને કલમ ૩૫ની જોગવાઈ અનુસાર તપાસ કર્યો પછી નીચેની બાબતો અંગે સંતોષ થવો જોઇએ. (૧) કંપનીની આર્થિક સ્થિતિ અને તેનો ઇતિહાસ (૨) તેના સંચાલનનું સામાન્ય સ્વરૂપ (૩) તેના મૂડી માળખાની પર્યાપ્તતા (૪) કમાવાની શક્તિ અને (૫) આ રીતે પરવાનગી આપવાથી જાહેર જનતાના હિતને મદદ મળશે કે કેમ.

આવી પરવાનગી આપતી વખતે રિઝર્વ બેંક અને યોગ્ય લાગે તે શરતો મુકી શકે છે.

જો રિઝર્વ બેંકના અભિપ્રાયમાં કોઇ બેંકિંગ કંપની, કોઇ પણ સમયે, રિઝર્વ બેંકે મુકેલી શરતોના પરિપાલનમાં નિષ્ફળ ગઈ હોય તો રિઝર્વ બેંક આ રીતે આપેલી પરવાનગી લેખિત હુકમ દ્વારા રદ કરી શકશે. પરંતુ આવો હુકમ કરતાં પહેલાં રિઝર્વ બેંક બેંકિંગ કંપની સામે આવા પગલાં લેવા માંગતી હોય તેને આવાં પગલાં સામે કારણ દર્શાવવા માટે તક આપશે.

(૫) શેરમૂડી અંગેની જોગવાઇ :૦

આ કાયદો અમલમાં આવ્યો તે પહેલા નજીવી મૂડીથી બેંકો શરૂ કરવામાં આવતી હતી. ઘણી બોગસ કંપનીઓ ઊભી થઈ હતી હું થોડાક જ સમયમાં નિષ્ફળ ગઈ. વળી, કંપની ધારાની જોગવાઈઓ અનુસાર બેંકિંગ કંપનીઓને ઓર્ડિનરી અને પ્રેફરન્સ શેર બહાર પાડવાની સત્તા હતી જે બેંકિંગના ધંધા સાથે સુસંગત ન હતી. આ કાયદા દ્વારા આ બધી ખામીઓ દૂર કરવામાં આવી છે.

બેંકિંગ કંપનીની લઘુત્તમ શેરમૂડી અંગેની જોગવાઇ કલમ - ૧૧માં કરવામાં આવી છે.

શેરમૂડી અંગેની જોગવાઇઓનો અભ્યાસ બે વિભાગ હેઠળ કરી શકાય :

(અ) ભારતમાં સ્થપાયેલી બેંકો માટે (બ) ભારતની બહાર નોંધાયેલી બેંકો માટે.

ભારતમાં સ્થપાયેલી બેંકો માટે		ભરપાઇ થયેલી થાપણ અને અનામતની કુલ રકમ
(અ) (૧) જો તેના ધંધાનું સ્થળ એક કરતાં વધુ રાજ્યમાં હોય		રૂ. પાંચ લાખ
(૨) જો આ સ્થળો પૈકી એક કે એકથી વધુ સ્થળ મુંબઇ અથવા કોલકતા અથવા બન્ને શહેરમાં આવેલ હોય		રૂ. દસ લાખ
(બ) ધંધાના બધા સ્થળો એક જ રાજ્યમાં આવેલા હોય જે પૈકી કોઇ મુંબઇ કે કોલકતામાં ન હોય		
(૧) ધંધાના મુખ્ય સ્થળ માટે		રૂ. એક લાખ
(૨) ધંધાનું મુખ્ય સ્થળ જે જીલ્લામાં આવેલું હોય તે જિલ્લામાંના જ દરેક બીજા સ્થળ માટે		રૂ. દસ હજાર
(૩) તે જીલ્લા સિવાયના રાજ્યના બીજા જીલ્લામાં આવેલ ધંધાના દરેક સ્થળ માટે		રૂ. પચીસે હજાર
ઉપર બ (૧)(૨) અને (૩) નો કુલ સરવાળો રૂ.		રૂ. પાંચ લાખ

(૪) ધંધાનું એકજ સ્થળ હોય તો		રૂ. પચાસ હજાર
(ક) ધંધાના બધા સ્થળો એકજ રાજ્યમાં હોય		
(૧) અને એમાંના એક કે એકથી વધારે મુંબઇ કે કોલકતામાં હોય અને		રૂ. પાંચ લાખ
(૨) મુંબઇ કે કોલકતાની બહાર આવેલ ધંધાના દરેક સ્થળ માટે કુલ મર્યાદા વધુમાં વધુ		રૂ. પચીસ હજાર ૩. દસ લાખ
ભારતની બહાર નોંધાયેલી બેંકો માટે		
(૧) જો મુબંઇ કે કોલકતામાં તેનું ધંધાનું સ્થળ ન હોય		રૂ. પંદર લાખ
(૨) જો તેના ધંધાનું સ્થળ મુંબઇ કે કોલકતા કે બન્ને શહેરમાં હોય		રૂ. વીસ લાખ

આ ઉપરાંત આવી બેંકિગ કંપનીને ઉપર જણાવેલ મર્યાદા જેટલી જ રકમ રિઝર્વ બેંક પાસે કોઈ પણ પ્રકારના બોજા વગરની પ્રમાણિત જામીનગીરીઓના સ્વરૂપમાં કે અંશત:રોકડ અને અંશતઃ આવી જામીનગીરીઓના સ્વરૂપ માં ડિપોઝિટ તરીકે રાખવાની હોય છે.

આ સિવાય આવી બેંકે ભારતમાં તેની શાખાઓના કામકાજ દ્વારા દરેક કેલેન્ડર વર્ષ દરમિયાન જે નફો કર્યો હોય તેના ૨૦ ટકા જેટલી રકમ રિઝર્વ બેંક પાસે આવા કેલેન્ડર વર્ષની આખરે ડિપોઝિટ તરીકે મૂકવી પડશે.

રિઝર્વ બેંકની ભલાાણના આધારે મધ્યસ્થ સરકાર કોઈ પણ વિદેશી બેંકિંગ કંપનીને નફામાંથી અનામત મૂકવાની જોગવાઈમાંથી મુક્તિ આપી શકે છે. આવી રીતે ભલામણ કરતા પહેલા રિઝર્વ બેંકને ખાતરી થવી જાઇએ બેંકે આજ સુધી મુકેલી અનામતની રકમ એની જવાબદારીના સંદર્ભમાં પૂરતી છે. આવી રીતે અનામત મૂકેલી રકમ એ કંપનીની મિલકત ગણાય છે અને કંપનીના ભારતમાંના લેણદારોનો તેના પર પ્રથમ બોજો રહે છે.

૧૯૬૧ના સુધારા અનુસાર હવે પછી જે બેંકિંગ કંપની પ્રથમવાર બેંકિંગનું કામકાજ શરૂ કરે તેની ભરપાઇ થયેલી મૂડી અને અનામતો રૂ.પાંચ લાખથી ઓછી હોવી જોઈએ નહિ.

મૂડીનું પ્રમાણ: કાયદાની કલમ ૧૨માં એવી જોગવાઇ કરવામાં આવી છે કે કોઇ પણ બેડિંગ કંપનીની ભરાયેલી મૂડી (Subscribed Capital) તેની સત્તાવાર મૂડી (Authorised Capital) કરતાં અડધી કે તેથી વધુ હોવી જોઇએ, એ જ રીતે તેની ભરપાઇ થયેલી મૂડી (paid up capital) તેની ભરાયેલી મૂડી (Subscribed Capital) ના અડધા કરતાં ઓછી હોવી જોઈએ નહિ.

જો મૂડીમાં વધારો કરવામાં આવે તો વધુમાં વધુ બે વર્ષની મુદતમાં ઉપરના નિયમનું પાલન થવું જોઇએ.

બેંકિંગ કંપનીના શેરના પ્રકાર અંગેના નિયમો (પ્રેફરન્સ મૂડી પર પ્રતિબંધ) : બેંકિંગ કંપની ની શેર મૂડી ફક્ત ઇકવીટી શેરનીજ બનેલી હોવી જોઇએ એટલે કે બેંકિંગ કંપની પ્રેફરન્સ શેર બહાર પાડી શકે નહીં. પરંતુ તા. ૧ લી જુલાઇ ૧૯૪૪ પહેલાં બહાર પાડેલા પ્રેફરન્સ શેરને આ નિયમ લાગુ પડતો નથી.

મતાધિકાર પર નિયંત્રણ : ૧૯૬૩ના સુધારાથી એવી જોગવાઇ કરવામાં આવી છે કે કોઈ પણ શેર હોલ્ડરનો મતાધિકાર બધા જ શેર હોલ્ડરોના કુલ મતાધિકારના એક ટકા કરતાં વધારે રહેશે નહિ. બેંકોનું સંચાલન કોઇ એક જ જુથના હાથમાં કેન્દ્રિત થઇ જાય

નહિ એ હેતુથી શેર હોલ્ડરના મતાધિકારની મર્યાદા જે અત્યાર સુધી કુલ મતાધિકારના પાંચ ટકા હતી તે ઘટાડીને એક ટકા જેટલી કરવામાં આવી છે. આ સુધારાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે કોઇ એક વ્યક્તિ બેંકિંગ કંપનીના સંચાલન પર પ્રભુત્વ મેળવી શકે નહીં.

શેર વેચાણ અંગેના કમિશન પર નિયંત્રણ: કાયદાની કલમ-૧૩ માં જણાવવામાં આવ્યું છે કે કોઇ પણ બેંકિંગ કંપની પોતે જે શેર બહાર પાડે તેની ભરપાઇ થયેલી કિંમતના કુલ ૨.૫ ટકાથી વધુ રકમ કમિશન, દલાલી, વટાવ કે મહેનતાણું- પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે- કોઈ પણ સ્વરૂપે - આપી શકશે નહિ.

બોજ ઊભો કરવા પર પ્રતિબંધ **:**

(અ**)** નહિ વસૂલ આવેલી મૂડી પર બોજ **:** કોઈ પણ બૅંકિંગ કંપની પોતાની ભરપાઇ નહિ થયેલી થયેલી મૂડી (Unpaid Capital) પર કોઇ પણ પ્રકારનો બોજ ઊભો કરી શકશે નહિ અને જો તેણે તેમ કર્યું હશે તો આવો બોજ રદબાતલ ગણાશે. (કલમ ૧૪ની જોગવાઇ અનુસાર).

(બ**)** મિલકતો પર તરતો બોજ ઃ એ જ રીતે કોઇ પણ બેંકિંગ કંપની રિઝર્વ બેંકનું લેખિત પ્રમાણપત્ર મેળવ્યા વિના પોતાના ધંધા પર કે તેની કોઈ મિલકતો પર કે મિલકતોના કોઇ ભાગ પર તરતો બોજ ઊભો કરી શકશે નહિ. રિઝર્વ બેંક આવું પ્રમાણપત્ર આપતા પહેલાં આવો તરતો બોજ બેંકના થાપણદારોના હિતને નુકસાનકર્તા નથી એવી ખાતરી કરશે. કંપનીએ આવું પ્રમાણપત્ર મેળવ્યા વિના તરતો બોજ ઊભો કર્યો હશે તો તે રદબાતલ ગણાશે. પ્રમાણપત્ર નહિ આપવાના રિઝર્વ બેંકના સામે કંપની ૯૦ દિવસમાં કેન્દ્ર સરકારને અપીલ કરી શકશે અને તેનો નિર્ણય આખરી ગણાશે (કલમ ૧૪ A ની જોગવાઇ અનુસાર)

(૬**)** ડિવિડન્ડ અંગે **:**

કલમ**-**૧૫ની જોગવાઇ અનુસાર કોઇ પણ બેંકિંગ કંપની તેના બધા જ મૂડીકૃત ખર્ચા પૂરેપૂરા માંડી વાળ્યા વિના તેના શેર પર ડિવિડન્ડ આપી શકે નહીં. આવા મૂડીકૃત ખર્ચામાં પ્રાથમિક ખર્ચા, સ્થાપનાના ખર્ચા, શેર-વેચાણનું કમિશન, દલાલી, નુકસાનીની રકમ અને દૃશ્ય (ભૌતિક) મિલકતો દ્વારા દર્શાવી શકાતા ન હોય એવા અન્ય બધા જ ખર્ચાનો સમાવેશ થાય છે.

અપવાદ **:** આમ છતાં બેંકિંગ કંપની નીચેની રકમો માંડી વાળ્યા સિવાય તેના શેર પર ડિવિડન્ડ આપી શકે:

(૧) માન્ય જામીનગીરીઓમાં કરેલાં રોકાણની કિંમતમાં જે ઘટાડો થયો હોય તે ઘટાડાની રકમ જો મૂડીકૃત કરી ન હોય કે નુકશાન તરીકે દર્શાવવામાં આવી નહીં હોય તો તે માંડી વાળ્યા વિના ડિવિડન્ડ આપી શકાય.

(૨) માન્ય જામીનગીરીઓ સિવાયના શેર, ડિબેન્ચર કે બોન્ડમાં કરેલ રોકાણોની કિંમતનો ઘટાડો માંડી વાળ્યા સિવાય ડિવિડન્ડ આપી શકાય. અલબત્ત, આવા ઘટાડા માટે બેંકના ઓડિટરને સંતોષ થાય એ રીતે જોગવાઇ કરેલી હોવી જોઇએ.

(૩)ઓડિટરને સંતોષ થાય એ રીતે શંકમદ લેણા ની પુરતી જોગવાઇ કરી હોય તો ઘાલખાધની રકમ માંડી વાળ્યા વિના ડિવિડન્ડ આપી શકાય.

(૭**)** કાયદા મુજબનું અનામત ભંડોળ **(Statutory Reserve Fund) :**

કાયદાની કલમ-૧૭ **(**૧**)**ની જોગવાઇ અનુસાર ભારતમાં નોંધાયેલ દરેક બેંકિંગ કંપનીએ અનામત ભંડોળ રાખવું ફરજિયાત છે. દરેક બેંકિંગ કંપનીએ દરેક વર્ષે, ડિવિડન્ડ જાહેર કરતાં પહેલાં, કલમ ૨૯ની જોગવાઇ અનુસાર તૈયાર કરેલ તે વર્ષનું નફા- નુકસાન ખાતું જે નફો બતાવે તે નફાના ૨૦ ટકાથી ઓછી નહિ તેટલી રકમ અનામત ભંડોળ ખાતે લઇ જવી પડશે.

અનામત ભંડોળ અને શેર પ્રીમીયમ ખાતાની કુલ રકમ ભરપાઇ થયેલી મૂડીની રકમ જેટલી થાય તો રિઝર્વ બેંકની ભલામણના આધારે કેન્દ્ર સરકાર કોઇ પણ બેંકિંગ કંપનીને આ જોગવાઇમાંથી અમુક મુદત માટે મુક્તિ આપી શકે છે.

જો કોઇ બેંકિંગ કંપની તેના અનામત ભંડોળમાંથી કે શેર પ્રીમિયમ ખાતામાંથી કોઇ રકમનો ઉપયોગ કરે તો તે બેંકિંગ કંપનીએ ૨૧ દિવસમાં તે અંગેના કારણોની સ્પષ્ટતા કરતો અહેવાલ રિઝર્વ બેંકને મોકલવાનો રહેશે. **(**કલમ ૧૭ **(**૨**)**ની જોગવાઇ અનુસાર **)**

કલમ ૧૭ (૧)ની અનામત ભંડોળની જોગવાઇ ભારતમાં નોંધાયેલ બૅન્કિંગ કંપનીને લાગુ પડે છે. ભારતની બહાર નોંધાયેલ બેંકિંગ કંપનીને નહીં.

આ રીતે ફરજિયાત અનામત ભંડોળ ઉભું કરવાની જોગવાઇ કરવાનો ઉદ્દેશ થાપણદારોની થાપણની સલામતિ માટે અમુક રકમ જૂદી કાઢવાનો છે.

(૮**)** નોન-શેડયુલ્ડ બેંકોએ રાખવાની રોકડ અનામતનું પ્રમાણ**:**

કલમ-૧૮માં એવી જોગવાઇ કરવામાં આવી છે કે નોન-શેડયુલ્ડ બેંકોએ તેમની ભારતમાંની મુદતી અને તાત્કાલિક જવાબદારીઓના ૩ ટકા જેટલી રકમ રોકડ અનામત તરીકે રાખવી પડશે. આ રોકડ અનામતની રકમ (૧) પોતાની પાસે અથવા (૨) રિઝર્વ બેંક કે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયામાં ખોલાવેલા ચાલુ ખાતામાં અથવા (૩) કેન્દ્ર સરકારે નિર્દિષ્ટ કરી હોય એવી અન્ય કોઇ બેંક ના ચાલુ ખાતામાં અથવા (૪) અંશતઃરોકડ રકમ પોતાની પાસે અને બાકીની રકમ આવા ચાલુ ખાતાઓમાં રાખવાની રહેશે.

રિઝર્વ બેંકને માહિતી**:** નોન-શેડયુલ્ડ બેંકોએ રિઝર્વ બેંકને દર મહિને એક માસિક પત્રક મોકલવાનું હોય છે જેમાં પાછલા મહિનાના દરેક શુક્રવારે તેની આવી રોકડ અનામતો કેટલી હતી અને ભારતમાં તેની મુદતી અને તાત્કાલિક જવાબદારીઓ કેટલી હતી એ અંગેની માહિતી આપવાની હોય છે.

નોન-શેડયુલ્ડ બેંકોની ભારતમાંની મુદતી અને તાત્કાલિક જવાબદારી **(Time and Demand Liabilities in India)**માં નીચેનાનો સમાવેશ થતો નથી **:**

(૧) બેંકિંગ કંપનીની વસૂલ આવેલ મૂડી, અનામત અને નફા-નુકસાન ખાતાની જમા બાકી.

(૨) રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા પાસેથી, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા પાસેથી, ઔધોગિક વિકાસ બેંક પાસેથી, કૃષિ પુનઃધિરાણ નિગમ પાસેથી અથવા કેન્દ્ર સરકારે નિર્દિષ્ટ કરી હોય એવી અન્ય બેંક પાસે લીધેલું કોઇ પણ પ્રકારનું ધિરાણ.

આમ બૅકિંગના ધંધામાં મેળવેલી ડિપોઝિટ ની રકમ પર જ ૩ ટકા રોકડ અનામત રાખવાની હોય છે.

આ કલમ શેડયુલ્ડ બેંકોને લાગુ પડતી નથી કારણ કે ૧૯૩૪ના રિઝર્વ બેંકના કાયદાની કલમ **(**૪૨**)** ની જોગવાઇ અનુસાર શેડયુલ્ડ બેંકોએ રોકડ અનામતની રકમ રિઝર્વ બેંક પાસે રાખવાની હોય છે**.**

આમ કરતાં પહેલાં બેંકિંગ કંપનીને આ અહેવાલ અંગે જે કાંઇ પણ રજૂઆત કરવી હોય તે રજૂ કરવા માટે કેન્દ્ર સરકાર વ્યાજબી તક આપશે. કેન્દ્ર સરકાર આવો હુકમ પોતાને યોગ્ય લાગે તેટલી મુદ્દત સુધી મુલતવી રાખી શકશે. અથવા પોતાને યોગ્ય લાગે તેવા ફેરફાર તેમાં કરી શકશે.

અહેવાલ પ્રગટ કરવો **:** વધુમાં એવી પણ જોગવાઇ કરવામાં આવી છે કે કેન્દ્ર સરકાર જે તે બેંકિંગ કંપનીને વ્યાજબી સમયની નોટિસ આપીને રિઝર્વ બેંકે રજૂ કરેલો સંપૂર્ણ અહેવાલ અથવા તેનો અમુક ભાગ પ્રગટ કરી શકશે.

(૧૫**)** આદેશ આપવાનો રિઝર્વ બેંકનો અધિકાર**:**

આ કાયદાની કલમ-૩૫ **(અ)** અન્વયે રિઝર્વ બેંકને એવી સત્તા આપવામાં આવી છે કે તે બધી જ બેંકિંગ કંપનીઓને અથવા અમુક બેંકિંગ કંપનીઓને વખતો વખત આદેશ આપી શકે છે. આ અંગેની જોગવાઇઓ નીચે મુજબ છે :
રિઝર્વ બેંકને જો નીચેની બાબતો અંગે સંતોષ થાય તો તે જરૂરી આદેશ આપી શકે છે ઃ

(૧) આવો આદેશ આપવાનું જાહેર હિતમા કે બેંકિંગ નીતિના હિતમાં જરૂરી છે.

(૨) બેંકિંગ કંપનીનો વ્યવહાર થાપણદારોના હિતને અથવા કંપનીના પોતાના હિતને નુકસાન થાય એ રીતે ચાલે છે અને તેથી તેવો વ્યવહાર અટકાવવા આવો આદેશ આપવો જરૂરી છે.

(૩) કોઇ બેંકનો સામાન્ય વહીવટ સુધારવા માટે આવો આદેશ આપવો જરૂરી છે.

ઉપરોક્ત સંજોગોમાં રિઝર્વ બેંક તેને યોગ્ય લાગે એ રીતનો આદેશ આપી શકશે અને જે તે બેંકિંગ કંપની તેનું પાલન કરવા માટે બંધાયેલી છે. રિઝર્વ બેંકને આ પ્રકારનો આદેરા રદ કરવાની અથવા તેમાં ફેરફાર કરવાની સત્તા પણ છે.

કલમ **(૩૬)** દ્વારા રિઝર્વ બેંકને નીચેની સત્તા આપવામાં આવી છે : (૧) તે બધી જ બેંકિંગ કંપનીઓને અથવા તો અમુક બેંકિંગ કંપનીને અમુક વ્યવહાર કરવા સામે અથવા અમુક પ્રકારના વ્યવહાર કરવા સામે ચેતવણી આપી શકે છે અથવા તેવા વ્યવહાર કરવાની મનાઇ ફરમાવી શકે છે. કોઇપણ બેંકિંગ કંપનીને સામાન્ય રીતે સલાહ સૂચનો આપી શકે છે. (૨) સંબંધિત બેંકિંગ કંપનીઓની વિનંતીના અનુસંધાનમાં બેંકિંગ કંપનીઓના સંયોજનની યોજનામાં કલમ ૪૪**(ક)**ની મર્યાદામાં રહીને મધ્યસ્થી તરીકે અથવા અન્ય રીતે મદદ કરી શકે છે. **(૩)** રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા એક્ટ ૧૯૩૪ની કલમ ૧૮**(૧) (૩)** અનુસાર કોઇ પણ બેંકિંગ કંપનીને લોન કે ધિરાણ આપીને મદદ કરી શકે છે. (૪) એ જ રીતે રીઝર્વ બેંકને જો એમ લાગે કે જાહેર હિતમાં અથવા બેંકિંગ નીતિનાં હિતમાં એ જરૂરી છે અથવા બેંકિંગ કંપનીનો વ્યવહાર થાપણદારોનાં હિતને કે બેંકિંગ કંપનીના પોતાનાં હિતને નુકસાન થાય એ રીતે ચાલે છે અને તેથી એવો વ્યવહાર અટકાવવો જરૂરી છે તો તે લેખિત હુકમ દ્વારા નીચેનાં આદેશ આપી શકશે :

(૧) બેંકિંગ કંપનીના વહીવટમાંથી ઉપસ્થિત થતી કે તેને લગતી કોઇ બાબત પર વિચારણા કરવા તેના ડિરેકટરોની સભા બોલાવવાનું તે જણાવી શકે.

(૨) બેંકિંગ કંપનીના કોઇ અધિકારીને રિઝર્વ બેંકના અધિકારીઓ સાથે આવી બાબત અંગેની ચર્ચા કરવાનું જણાવી શકે.

(૩) બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સની સભા કે તેની કોઇ સમિતિની સભાની કાર્યવાહીનું નિરીક્ષણ કરવા રિઝર્વ બેંક પોતાના અધિકારીને મોકલી શકે છે અને તે અધિકારીને આ સભામાં ઉદ્બોધન કરવાની તક આપવાનું બેંકને જણાવી શકે છે. સભાની કાર્યવાહીનો અહેવાલ રિઝર્વ બેંકને મોકલી આપવાનું તે અધિકારીને જણાવી શકે.

(૪) બેંકિંગ કંપની કે તેની શાખાઓનો વહીવટ કેવી રીતે ચાલે છે તેનું નિરીક્ષણ કરવા અને તે અંગેનો અહેવાલ રજૂ કરવા રિઝર્વ બેંક પોતાના એક કે વધુ અધિકારીની નિમણૂક કરી શકશે.

(૫) રિઝર્વ બેંકના જણાવ્યા પ્રમાણે બેંકિંગ કંપનીએ નિયત કરેલી મુદતમાં તેના વહીવટમાં ફેરફાર કરવાનો રહેશે.

(૧૬) લોન અને ધિરાણ પર નિયંત્રણો **:**

બેંકિંગ નિયમન ધારાની કલમ**(૨૦)** માંકો તરફથી આપવામાં આવતાં લોન અને ધિરાણો પર કેટલાંક નિયંત્રણો મૂકવામાં આવ્યાં છે. આમાંના મુખ્ય નિયંત્રણો નીચે મુજબ છે:

(૧) કોઇ પણ બેંકિંગ કપની પોતાના જ શેરની જામીનગીરી પર લોન કે ધિરાણ આપી શકશે નહિ.

(૨) કોઇ પણ બેંકિંગ કંપની નીચે જણાવેલ વ્યક્તિ કે પેઢીને લોન કે ધિરાણ આપવા માટે કે તેમના વતી આપવા માટે કોઇ પણ પ્રકારની જવાબદારી સ્વીકારશે નહિ.

(અ) તેના કોઇ પણ ડિરેક્ટરને,

(બ) કોઇ પણ પેઢીને કે જેમાં તેનો ડિરેકટર ભાગીદાર તરીકે, મેનેજર તરીકે,કર્મચારી તરીકે કે ગેરટર તરીકે હિત ધરાવતો હોય.

(ક) કોઈપણ કંપની (જે બેંકિંગ કંપનીની પેટા કંપની નહીં હોય અથવા ૧૯૫૬ના કંપની ધારાની કલમ ૨૫ હેઠળ નોંધાયેલી કંપની નહીં. હોય અથવા સરકારી કંપની નહી હોય) જેમા બેંકના કોઇ ડિરેકટર તે કંપનીના ડિરેકટર તરીકે, મેનેજર તરીકે, કર્મચારી કે ગેરંટર તરીકે હિત ધરાવતા હોય અથવા તેમાં સંગીન હિત ધરાવતો હોય.

(ડ) કોઇ પણ વ્યક્તિને કે જેની સાથે બેંકની કોઇ ડિરેકટર ભાગીદાર હોય અથવા તેનો ગેરંટી હોય.

વધુમાં એમ પણ જણાવવામાં આવ્યું કે ૧૯૬૮ના સુધારેલા કાયદાનો અમલ થતા પહેલા જો બેકિંગ કંપનીએ આવી કોઈ લોન આપી હોય તો તે લોન આપતી વખતે જે મુદત નક્કી કરવામાં આવી હોય તે સમય મર્યાદામાં વ્યાજ સહિત તે લોન વસુલ કરી લેવી જોઇએ. જો આવી લોન કે ધિરાણ આપતી વખતે કોઇ મુદત મુકરર કરવામાં આવી ન હોય તો આ સુધારાના અમલની શરૂઆતથી એક વર્ષની મુદતમાં વ્યાજ સહિત લોન કે ધિરાણની રકમ વસૂલ કરી લેવી જોઇએ.રિઝર્વ બેંકને અરજી કરવાથી જો રિઝર્વ બેંકને યોગ્ય લાગે તો આ મુદત ત્રણ વર્ષ સુધી લંબાવી આપી શકે છે.

લોન માફ કરવી**:** ઉપર જણાવેલ કોઇ પણ લોન કે ધિરાણ અથવા તેનો કોઈ પણ ભાગ રિઝર્વ બેંકની પુર્વ મંજૂરી મેળવ્યા વિના માફ કરી શકાશે નહિ અને તેમ છતાં જો માફ કરવામાં આવશે તો તે રદબાતલ ગણાશે.

જો કોઇ પણ ડિરેકટર નિયત કરેલી મુદતમાં અથવા તો કાયદાનો અમલ શરૂ થયા પછીના એક વર્ષમાં તેણે લીધેલ લોન કે ધિરાણ પરત કરવામાં નિષ્ફળ જાય તો તેણે ડિરેકટર તરીકે પોતાનો હોદો છોડી દીધેલો ગણાશે.

=> સ્પષ્ટતા**:**

(૧) આ કલમના હેતુ માટે 'લોન અને ધિરાણ'માં અમુક રકમોનો સમાવેશ થશે નહીં એવું રિઝર્વ બેંક જણાવી શકશે. વ્યવહારનું સ્વરૂપ, જે મુદત દરમિયાન અને જે રીતે તથા જે સંજોગોમાં વ્યવહારની રકમ પાછી મેળવવાની શક્યતા છે તે, થાપણદારોનું હિત તથા અન્ય સંબંધિત બાબતો ધ્યાનમાં લઇને રિઝર્વ બેંક સામાન્ય અથવા વિશિષ્ટ હુકમ દ્વારા અમુક રકમનો આ કલમના હેતુ માટે લોન કે ધિરાણમાં સમાવેશ થશે નહીં એમ જણાવશે. એટલે કે ડિરેકટરને અથવા તેના ભાગીદારને આવું ધિરાણ સોંપી શકાય. સરકારી જામીનગીરી સામે આપેલ ધિરાણ, અથવા જીવન વીમા પોલિસી સામે આપેલ ધિરાણ અથવા બાંધી મુદતની થાપણ સામે આપેલા ધિરાણને આ જોગવાઇ લાગુ પડશે નહીં એવું રિઝર્વ બેંકે જાહેર કર્યું છે.

(૨) ડિરેકટરોમાં કઈ વ્યક્તિઓનો સમાવેશ થાય છે તેની પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. બેંકિંગ કંપનીએ તેના વહીવટ માટે ભારતમાં રચેલા કોઇ પણ બોર્ડ અથવા કમિટીના સભ્યનો ડિરેકટરમાં સમાવેશ થાય છે. બૈંકિંગ કંપનીએ તેના ધંધાના સંચાલનમાં સલાહ આપવાના હેતુથી રચેલા બોર્ડ કે કમિટીના સભ્યોનો પણ 'ડિરેકટર'માં સમાવેશ થાય છે.

ઉપરના સંદર્ભમાં જોતા એમ કહી શકાય કે ડિરેકટરનો અર્થ ખુબ વિશાળ બનાવવામાં આવ્યો છે જેથી બેંકનો કોઇ પણ વહીવટ કરનાર બેંકના નાણાંનો અંગત હેતુ માટે દુરૂપયોગ કરી શકે નહીં.

(૧૭) બેંક ધિરાણ પર અંકુશ મૂકવાની રિઝર્વ બેંકની સત્તા **:**

કાયદાની કલમ **(૨૧)** દ્વારા બેંકિંગ કંપનીઓએ અપનાવવાની ધિરાણ નીતિ અંગે આદેશ આપવાની વિશાળ સત્તા રિઝર્વ બેંકને પ્રાપ્ત થઈ છે.

આ કલમની જોગવાઇ મુજબ રિઝર્વ બેંકને એમ સંતોષ થાય કે જાહેર હિતમાં અથવા થાપણદારોના હિતમાં અથવા તો બેંકિંગ પોલિસીના હિતમાં આવો આદેશ આપવાનું જરૂરી છે તો તે બધી જ બેંકિંગ કંપનીઓને અથવા કોઇ પણ બેંકિંગ કંપનીને ધિરાણ અંગેની અમુક ચોક્કસ નીતિ અનુસરવાનો આદેશ આપી શકે છે. બેંકિંગ પદ્ધતિના હિતમાં અથવા નાણાં પધ્ધતિની સ્થિરતાના હિતમાં અથવા સંગીન આર્થિક વિકાસ માટે બેંકિંગ વ્યવસાયને લગતી જે નીતિ રિઝર્વ બેંક નક્કી કરે તેને બેંકિંગ પોલિસી કહેવાય. નીતિ બધી બેંકોએ અથવા તો નિર્દેશિત બેંકોએ અનુસરવાનું ફરજિયાત છે.

એ જ રીતે આ કલમ ની જોગવાઇ અનુસાર રિઝર્વ બેંકને સામાન્ય રીતે બધી જ બેંકિંગ કંપનીઓને અથવા તો બેંકિંગ કંપનીના કોઇ એક જૂથને નીચેની બાબતો અંગે આદેશ આપવાની સત્તા છે:

(૧) કયા હેતુ માટે ધિરાણ કરવું અને કયા હેતુ માટે ધિરાણ નહિ કરવું.

(૨) તારણવાળા ધિરાણ સામે માર્જિનનું (સલામતીનો ગાળો) પ્રમાણ કેટલું રાખવું.

(૩)બેંકિંગ કંપનીની ભરપાઇ થયેલી મુડી, અનામત ભંડોળ, થાપણો અને અન્ય સંબંધિત બાબતો ધ્યાનમાં લઇને તે કોઇ એક કંપની, પેઢી, વ્યક્તિઓના મંડળ કે કોઇ એક વ્યક્તિને વધુમાં વધુ કેટલી રકમનું ધિરાણ કે નાણાકીય સગવડ આપી શકે અથવા ગેરંટી આપી શકે.

(૪) વ્યાજનો દર અને અન્ય શરતો કે જેને આધીન રહીને બેંકો ધિરાણ કે અન્ય નાણાકીય સગવડ આપી શકે અથવા ગેરંટી આપી શકે.

(૧૮) બેકોનું સંચાલન **:** નિમણૂક અંગેના પ્રતિબંધો અને નિયમનો **:**
કાયદાની કલમ**(૧૦)**માં એવી જોગવાઇ કરવામાં આવી છે કે કોઇ પણ બેંકિંગ કંપની મેનેજિંગ એજન્ટની નિમણૂક કરી શકશે નહિ અથવા તેના દ્વારા કંપનીનું સંચાલન કરી શકાશે નહિ.

એ જ રીતે કોઇ પણ બકિંગ કંપની નીચેની વ્યક્તિની કર્મચારી તરીકે નિમણૂક કરી શકશે નહિ અથવા તેની નિમણૂંકને ચાલુ રાખી શકશે નહિ**.**

(૧) જે વ્યક્તિ કોઈ પણ સમયે નાદાર થઇ હોય અથવા જેણે નાણાં ચૂકવવાનું મોકૂફ રાખ્યું હોય કે તેના લેણદારો સાથે પતાવટ કરી હોય.

(૨) જે વ્યક્તિને નૈતિક અધઃપતન ના ગુના માટે ફોજદારી કોર્ટે ગુન્હેગાર ઠરાવી હોય.

(૩) જે વ્યક્તિનું મહેનતાણું સંપૂર્ણ કે અંશતઃ કંપનીના નફા પર અમુક ટકાના દરે કમિશન તરીકે અથવા નફાના અમુક ભાગ તરીકે ગણવામાં આવતું હોય.

(૪) જે વ્યક્તિનું મહેનતાણું રિઝર્વ બેંકના અભિપ્રાય મુજબ ખૂબ વધારે હોય.

નીચેની વ્યક્તિઓની મેનેજિંગ ડિરેકટર તરીકે નિમણૂક કરી શકાશે નહિ **:**
(૧) જે વ્યક્તિ કોઇ અન્ય ધંધા કે વ્યવસાયમાં રોકાયેલી હોય.

(૨) જેણે કોઇ અન્ય કંપનીનું સંચાલન કરવા માટે એકી સાથે પાંચ વર્ષ કરતાં વધુ સમય માટેનો કરાર કર્યો હોય.

(૩) જે વ્યક્તિ તે બેંકિંગ કંપનીની પેટા કંપની અથવા ૧૯૫૬ના કંપની ધારાની કલમ ૨૫ પ્રમાણે નોંધાયેલી કંપની સિવાયની કોઇ અન્ય કંપનીનો ડિરેકટર હોય.

રિઝર્વ બેંક નિમણૂકને બહાલી આપે પછી જ કોઇ પણ બેંકિંગ કંપની મેનેજિંગ ડિરેકટર અથવા વારી પ્રમાણે નિવૃત્ત નહીં થવા પાત્ર ડિરેકટર અથવા મેનેજર કે મુખ્ય વહીવટી અધિકારીની નિમણૂક કરી શકશે.

૧૯૬૭ના સુધારાથી મેનેજિંગ ડિરેકટરને બદલે પૂરા સમયના ચેરમેનની નિમણૂક કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે**.**

(૧૯**)** બેંકના ડિરેકટરોને લગતી જોગવાઇઓ**:-**

બેંકિંગ નિયમન ધારામાં ૧૯૬૮માં કરવામાં આવેલા સુધારા દ્વારા બોર્ડ ઓફ ડિરેકટર્સની રચના તથા ચેરમેનની નિમણૂક અંગે ચાર નવી કલમ ૧૦ (એ), ૧૦ (બી), ૧૦ (સી), અને ૧૦ (ડી) ઉમેરવામાં આવી છે. તે કલમો મુજબ બેંકિંગ કંપનીના સંચાલન અંગે નીચેની જોગવાઇ છે.

દરેક બૈંકિંગ કંપનીને તેના બૉર્ડ ઓફ ડિરેકટર્સની રચના નીચે પ્રમાણે કરવાનું જણાવવામાં આવ્યું છે :

(૧) દરેક બેંકિંગ કંપનીના બોર્ડ ઓફ ડિરેકટર્સમાં ઓછામાં ઓછા ૫૧ ટકા જેટલા સભ્યો એવા હોવા જોઇએ કે જેમને નીચેની બાબતો અંગેનું વિશિષ્ટ જ્ઞાન કે તેનો વ્યવહારુ અનુભવ હોય :

હિસાબી પદ્ધતિ, કૃષિ અને ગ્રામ્ય અર્થતંત્ર, બેંકિંગ, સહકાર, અર્થશાસ્ત્ર, નાણાતંત્ર, કાયદો, નાના પાયાના ઉધોગ અને એવા કોઇ પણ અન્ય વિષયનું જ્ઞાન જે રિઝર્વ બેંકની દૃષ્ટિએ બેંકમાં ઉપયોગી થઇ શકે એમ હોય.

ઉપરોક્ત પૈકીના ઓછામાં ઓછા બે ડિરેકટર એવા હોવા જોઇએ કે જેમને કૃષિ અને ગ્રામ્ય અર્થતંત્ર તથા સહકાર અને નાના પાયાના ઉધોગો અંગેનું વિશિષ્ટ જ્ઞાન કે અનુભવ હોય.

(૨) ડિરેકટર તરીકે એવી કોઇ પણ વ્યક્તિની નિમણૂક કરી શકાશે નહીં કે જે લઘુઉધોગ એકમ નહીં હોય તેવી પેઢી કે કંપનીમાં નોંધપાત્ર હિત ધરાવતી હોય અથવા તેના મેનેજર, કર્મચારી કે મેનેજિંગ એજન્ટ તરીકે તેની સાથે સંકળાયેલ હોય. એ જ રીતે લક્ષ્ય ઉધોગ એકમ સિહાયના અન્ય કોઈ વેપારી, ધંધાકીય કે ઔધોગિક એકમના માલિકને પણ ડિરેકટર તરીકે નીમી શકાશે નહીં. ૧૯૫૬નાં કંપની ધારાની કલમ (૨૫) અન્વયે નોંધાયેલ કંપની અથવા લઘુ ઉધોગના એકમના જેઓ માલિક હોય અથવા જેઓ તેમાં ગણના પાત્ર હિત ધરાવતા હોય તેમને આ કલમ લાગુ પડતી નથી.

૩) રિઝવું બેંકને એમ લાગે કે ઉપર જણાવ્યા મુજબ બોર્ડ ઓફ ડિરેકટર્સના પુનઃરચના થઇ નથી તો રિઝર્વ બેંક તે બેંકિંગ કંપનીને તેમ કરવાનો આદેશ આપશે. જો બેંકિંગ કંપની બે માસમાં તે પ્રમાણે પુનઃ રચના નહીં કરે તો રિઝર્વ બેંક તે ડિરેકટરોને દૂર કરી તેમના સ્થાને યોગ્ય વ્યક્તિઓની નિમણૂક કરી શકશે.

વધુમાં, કાયદાની કલમ (૧૬)માં જણાવ્યું છે કે, ભારતમાં નોંધાયેલી કોઇ પણ બેંકિંગ કંપની એવી વ્યક્તિને ડિરેકટર તરીકે રાખી શકશે નહીં કે, જે બીજી બેંકિંગ કંપનીનો ડિરેકટર હોય. કોઇપણ બેંકિંગ કંપની એના બોર્ડ ઑફ ડિરેકટર્સમાં વધારેમાં વધારે ત્રણ એવા સભ્યો નીમી શકશે જે કંપનીઓના ડિરેકટર હોય અને જેમનો મતાધિકાર એ બેંકિંગ કંપનીના બધા જ શેર હોલ્ડરોના કુલ મતાધિકારના ૨૦ ટકા કરતા વધુ હોય. આ નિયંત્રણ રિઝર્વ બેંકે બેંકિંગ કંપનીઓના બોર્ડ પર નીમેલા ડિરેકટર તથા ભારત બહાર સ્થપાયેલી બેંકિંગ કંપનીઓને લાગુ પડતા નથી.

ચેરમેનની નિમણૂક અંગેની જોગવાઇ ઃ કાયદાની કલમ ૧૦**(**બી**)**માં એવી જોગવાઇ કરવામાં આવી છે કે, દરેક બૈંકિંગ કંપનીના બોર્ડ ઓફ ડિરેકટર્સનો પૂરા સમયનો ચેરમેન હોવો જોઇએ અને બેંકનો સંપૂર્ણ વહીવટ તેના હાથમાં હોવો જોઇએ. આ ચેરમેન બોર્ડ

ઓફ ડિરેકટર્સની દેખરેખ, અંકુશ અને દોરવણી હેઠળ જ પોતાની સત્તાનો ઉપયોગ કરશે. ચેરમેનની નિમણૂક વધુમાં વધુ ૫ વર્ષ ના સમય માટે થઇ શકશે. ૫ વર્ષ બાદ તેની પુનઃ નિમણૂક થઇ શકે છે.

૧૯૬૮ ના સુધારેલા કાયદાની કલમ ૩ના અમલની શરૂઆતના સમયે જો કોઇ બેંકિંગ કંપનીમાં મેનેજિંગ ડિરેકટર હોય અને બોડનો ચેરમેન પણ હોય તો મેનેજિંગ ડિરેક્ટરે હોદ્દો છોડી દેવો પડશે અથવા જે કપનીમાં બોર્ડ ઑફ ડિરેકટર્સનો ચેરમેન ન હોય તેવી કંપનીમાં બૉર્ડ ઓફ ડિરેકટર્સના ચેરમેનની ચૂંટણી કે નિમણૂંક થાય એટલે મેનેજિંગ ડિરેકટરે તેનો હોદ્દો છોડી દેવો પડશે.

પેટા કલમ (૪) માં જણાવ્યું છે કે, ચેરમેન તરીકે નિમાયેલી વ્યક્તિને કોઇપણ બેંકિંગ કંપનીના કામકાજનું અથવા સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા કે તેની સબસીડિયરી બેંકોના કામકાજનું અથવા કોઇ નાણાકીય સંસ્થાની કામગીરીનું અથવા આર્થિક, નાણાકીય કે ધંધાકીય વહીવટનું વિશિષ્ટ જ્ઞાન અને વ્યવહારૂ અનુભવ હોવો જોઇએ.

ચેરમેન તરીકે નીચેની વ્યક્તિની નિમણૂક કરી શકાશે નહીં :

(૧) જો તે વ્યક્તિ અન્ય કોઇ કંપનીના ડિરેકટર હોય.

(૨) ધંધો, વેપાર કે ઉધોગ ચલાવતી પેઢીમાં જો તે વ્યક્તિ ભાગીદાર હોય.

(૩) જો અન્ય કોઇ પેઢી કે કંપનીમાં તેનું નોંધપાત્ર હિત હોય.

(૪) જો તે અન્ય કોઇ પણ વેપારી કે ઔધોગિક પેઢીમાં ડિરેકટર, મેનેજર, ભાગીદાર કે માલિક હોય.

(૫) જો તે અન્ય કોઇ ધંધામાં રોકાયેલ હોય.

કોઇ પણ બેંકિંગ કંપનીનો ચેરમેન લેખિત રાજીનામું આપીને હોદા પરથી છૂટા થઇ શકે છે, પરંતુ તેનો અનુગામી હોદો સંભાળી લે નહીં ત્યાં સુધી તેણે હોદો ધારણ કરવાનું ચાલુ રાખવું પડશે.

બેંકિંગ કંપનીના ચેરમેનની નિમણૂક રિઝર્વ બેંકને સંતોષ થાય એ રીતે થયેલી હોવી જોઇએ. જો રિઝર્વ બેંકને એમ લાગે કે બેંકિંગ કંપનીના ચેરમેન તરીકે નિમાયેલી વ્યક્તિ યોગ્ય નથી તો રિઝર્વ બેંક બીજી કોઇ વ્યક્તિને ચેરમેન તરીકે નીમવાની સૂચના બેંકિંગ કંપનીને આપી શકે. જો બેંકિંગ કંપની બે માસમાં આ સૂચનાનો અમલ ન કરે તો રિઝર્વ બેંક તે વ્યક્તિને ચેરમેન તરીકે દૂર કરીને તેના બદલે બીજી યોગ્ય વ્યક્તિની નિમણૂક કરવાની સત્તા ધરાવે છે. આ રીતે દૂર કરાયેલ ચેરમેન અથવા બૈંકિંગ કંપની રિઝર્વ બેંકના હુકમ સામે ૩૦ દિવસમાં કેન્દ્ર સરકારને અપીલ કરી શકે છે અને તેનો નિર્ણય આખરી ગણવામાં આવે છે.

(૨૦) બેના ટોચના સંચાલકો પર રિઝર્વ બેંકનો અંકુશઃ

બેંકિંગ નિયમન ધારાની વિવિધ કલમો હેઠળ રિઝર્વ બેંકને બેંકિંગ કંપનીઓના ટોચના સંચાલકો પર અંકુશ રાખવાની વિશાળ સત્તાઓ આપવામાં આવી છે.

(૧) શેર હોલ્ડરોની સભા બોલાવવા અંગે ઃ કાયદાની કલમ-૧૨ **(એ)** મુજબ રિઝર્વ બેંકને એવી સત્તા છે કે, તે કોઇપણ બેંકિંગ કંપનીને નવા ડિરેકટરો ચૂંટી કાઢવા માટે શેર હોલ્ડરોની સામાન્ય સભા નિયત મુદતમાં બોલાવવાનું જણાવી શક્શે. આ કાયદા મુજબ તેમને મળી શકતા મતાધિકારનો ઉપયોગ શેર હોલ્ડરો આ સભામાં કરી શકશે. આ રીતે ચૂંટાયેલા ડિરેકટરો તેમના અગાઉના ડિરેકટરોના હોદાની બાકીની મુદત સુધી હોદા પર રહી શકે છે.

(૨) ચેરમેન અને અન્ય અધિકારીઓની નિમણૂક અંગે**:** કાયદાની કલમ-૩૫**(**બી**)** મુજબ દરેક બેંકિંગ કંપનીએ તેના ચેરમેન, મેનેજિંગ ડિરેક્ટર, પુરા સમયના ડિરેકટર, મેનેજર કે મુખ્ય વહીવટી અધિકારીની નિમણૂક, પુનઃનિમણૂક કે નિમણૂકનો અંત લાવવા માટે રિઝર્વ બેંકની પૂર્વ મંજૂરી મેળવવી આવશ્યક છે. આ અંગે તેમની સાથે કોઇ કરાર કરવામાં આવ્યો હોય અને કરારની જોગવાઇઓમાં કોઈ સુધારો કરવો હોય તો તે માટે પણ રિઝર્વ બેંકની મંજૂરી મેળવવી જરૂરી છે.

(૩**)** ચેરમેન**,** ડિરેકટર કે અન્ય અધિકારીઓને દૂર કરવાની સત્તા ઃ કાયદાની કલમ-૩૬**(**એ-એ**)**માં રિઝર્વ બેંકને બેંકિંગ કંપનીના ચેરમેન ડિરેકટર, મુખ્ય વહિવટી અધિકારી અથવા કોઇપણ કર્મચારીને તેમના હોદા પરથી દૂર કરવાની મુખ્ય આપવામાં આવી છે.

રિઝર્વ બૅંકને જ્યારે એમ લાગે કે, (૧) જાહેર હિતમાં અથવા તો (૨) બેકિંગ કંપનીનો વહીવટ તેના થાપણદારોનાં હિતની વિરુદ્ધ ચાલતો અટકાવવા માટે અથવા (૩) બેંકનો વહીવટ યોગ્ય રીતે ચાલે એ માટે એ જરૂરી છે તો બેંકિંગ કંપનીના કોઇ પણ ચેરમેન, ડિરેકટર, મુખ્ય વહીવટી અધિકારી કે બીજા કોઇ પણ અધિકારીને રિઝર્વ બેંક લેખિત હુકમ આપીને તેના હોદા પરથી દૂર કરી શકે છે.

આમ કરતા પહેલા રિઝર્વ બેંક તે વ્યક્તિને આવા હુકમ સામે રજુઆત કરવાની વાજબી તક આપશે. આમ છતાં આ રજૂઆતનો નિકાલ ન આવે ત્યાં સુધી તે વ્યક્તિ તેના હોદાની ફરજો બજાવી શકશે નહી તેમજ બેંકિંગ કંપનીનાં સંચાલનમાં કોઈ પણ રીતે ભાગ લઈ શહેશે નહીં એવો આદેશ આપવાની રિઝર્વ બેંકને સતા છે. દુર કરાયેલી વ્યક્તિ આવા હુકમ સામે કેન્દ્ર સરકારને ૩૦ દિવસમાં અપીલ કરી શકશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

જે વ્યક્તિને આ રીતે દૂર કરવામાં આવી હોય તે વ્યકિત બીજી કોઇ પણ બેંકિંગ કંપનીના વહીવટમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે પાંચ વર્ષ સુધી ભાગ લઇ શકશે નહીં. આ જોગવાઇનો ભંગ કરનાર વ્યક્તિ જ્યાં સુધી આવો ભંગ ચાલુ રહે ત્યાં સુધી રોજગારી રૂ.૨૫૦ સુધીના દંડની પાત્ર ઠરશે.

આ રીતે જે વ્યક્તિને દૂર કરવામાં આવી હોય તે વ્યક્તિ તેના હોદાનો અંત લાવવા બદલ કોઇ પણ પ્રકારના વળતરની માંગણી કરી શકશે નહીં,

(૪**)** નવા ચેરમેન કે ડિરેકટર કે અન્ય અધિકારીની નિમણૂક**:** ઉપર મુજબ દૂર કરાયેલ વ્યક્તિને બદલે કલમ ૩**-** એએ**(**૬**)**ની જોગવાઇ અનુસાર રિઝર્વ બેંક અન્ય કોઇ યોગ્ય વ્યક્તિને ચેરમેન, ડિરેકટર કે મુખ્ય વહીવટી અધિકારી તરીકે લેખિત હુકમ દ્વારા નક્કી કરેલી તારીખથી નીમી શકે છે. આ રીતે નીમાયેલ વ્યક્તિ રિઝર્વ બેંકની ઇચ્છા હોય ત્યાં સુધી હોદ્દા પર ચાલુ રહી શકશે પરંતુ તે મુદત ત્રણ વર્ષથી વધુ હશે નહીં. રિઝર્વ બેંક તે મુદ્દત વધુ ત્રણ વર્ષ માટે લંબાવી શકે છે.

(૫**)** વધારાના ડિરેકટરો નીમવાની સતા**:** કાયદાની કલમ-૩૬ **(**એ બી**)**માં એવી જોગવાઇ કરવામાં આવી છે કે, રિઝર્વ બેંકને જાહેર હિતમાં અથવા બેંકિંગ કંપનીના હિતમાં જરૂરી લાગે તો તે વખતોવખત લેખિત હુકમ દ્વારા એક કે વધુ વ્યક્તિઓને બેંકિંગ કંપનીના વધારાના ડિરેક્ટર તરીકે નીમી શકશે. આ રીતે નીમાયેલા વધારાના ડિરેક્ટરની સંખ્યા કોઇ પણ સમયે પાંચ અથવા કુલ ડિરેકટરોના ૧/૩ (ત્રીજા ભાગ) કરતાં (બેમાંથી જે ઓછું હોય તે) વધુ રહેશે નહીં. અને તેઓ રિઝવ બેંકની ઇચ્છા હશે ત્યાં સુધી હોદા પર રહી શકશે. પરંતુ તે મુદત એકી સાથે ત્રણ વર્ષ કરતાં વધુ હશે નહીં. રિઝર્વ બેંક ની ઇચ્છા અનુસાર બીજા ત્રણ વર્ષ કરતા વધુ હશે નહીં. રિઝર્વ બેંક ની ઈચ્છા અનુસાર બીજા ત્રણ વર્ષ માટે તેઓ હોદાપર રહી શકે છે.

(૨૧) બેંક કર્મચારીઓની અમુક પ્રવૃતિઓ પર પ્રતિબંધ અંગે**:**

કાયદાની કલમ-૩૬ (એ ડી)માં બેંકિંગ કંપનીના કર્મચારીઓ દ્વારા પ્રજાને અવરોધક નીવડે એ રીતના દેખાવો યોજવા પર પ્રતિબંધ મૂકવાની જોગવાઇ કરવામાં આવી છે. આ કલમમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે:

(૧) કોઇ પણ વ્યક્તિ બીજી વ્યક્તિને બેંકિંગ કંપનીના મકાનમાં દાખલ થતાં, તેમાંથી નીકળતાં અથવા તેમાં લેવડ-દેવડ કરતાં અટકાવી શકશે નહીં.

(૨) કોઇપણ વ્યકિત બૅન્કિંગ કંપનીના સામાન્ય કામકાજને અટકાવી દે અથવા અટકાવી દેવાનો સંભવ હોય એવા કોઇ પણ હિંસક સ્વરૂપના દેખાવો કરી શકશે નહીં. આ પ્રકારના દેખાવો ઓફિસની અંદર અથવા બૈંકિંગ કંપનીના કામકાજના સ્થળે યોજવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

(૩) કોઈપણ વ્યકિત બેંકના થાપણદોરોનો વિશ્વાસ ડગી જાય એવું કોઇ પણ કૃત્ય કરી શકશે નહીં.

કોઈ પણ પ્રકારના વાજબી કારણ વિના ઉપરોક્ત જોગવાઇઓનો ભંગ કરનાર વ્યક્તિ છ મહિના સુધીની સજા અથવા રૂ. ૧,૦૦૦ સુધીનાં દંડને પાત્ર ઠરશે. આ કલમ બેંકિંગ કંપનીઓ ઉપરાંત રિઝર્વ બેંક, ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ બેંક, સ્ટેટ બેંક અને તેની સબસીડિયરીઝ તથા તમામ રાષ્ટ્રીયકૃત બેંકોને પણ લાગુ પડે છે.

__________xxx___________